Samagra Siksha Guj

(6)

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર-૩૮૨૦૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૨૮૮૧૦૦૦
E-mail : aspd-gcsess@gujarat.gov.in

ડો.એમ.એમ.પટેલ, GAS
એડી .સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

ક્રમાંક: SS/MIS/2026/૫૧૨૦૭ - ૨૩૭ તા. 3/૧૦/૨૦૨૬

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ. તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ

(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષય: **વિદ્યાર્થીઓ માટે "Cyber Safety and Security Awareness" વિષયક Live Sessions અંગેની માહિતીનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરી મહત્તમ સહભાગિતા સુનિશ્ચિત કરવા બાબત.**

સંદર્ભ: **(૧) Central Institute of Educational Technology (CIET), NCERT, New Delhi નો પત્ર ક્રમાંક 20.19/2026-27/DICT, તા. 06/10/2026.**

(૨) અત્રેની કચેરીની તા.૨૬.૧૦.૨૦૨૬ની નોંધ પર માન. એસપીડીશ્રીની મળેલ મંજૂરી

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે Central Institute of Educational Technology (CIET), NCERT, New Delhi દ્વારા "**Cyber Jaagrookta Diwas**" અંતર્ગત વિદ્યાર્થીઓમાં સાયબર સલામતી અને સુરક્ષા અંગે જાગૃતિ કેળવવાના હેતુસર દર મહિને **"Cyber Safety and Security Awareness"** વિષય પર Live Sessionsનું આયોજન કરવામાં આવનાર છે.

આ Live Sessionsનું આયોજન દર મહિને **પ્રથમ બુધવારે અંગ્રેજી ભાષામાં** તથા ત્યારબાદના **ગુરુવારે હિન્દી ભાષામાં**, સવારે **11:30 કલાકથી 12:00 કલાક** દરમિયાન કરવામાં આવશે.

માધ્યમ	Online Live Session
YouTube Channel	NCERT OFFICIAL – YouTube
DTH પ્રસારણ	PM eVidya DTH TV Channels (DD FreeDish)

જિ. શિ. અ. વડોદરા, વડોદરા
પત્રની નોંધણી નંબર 5075
તારીખ 4.11.2026
સહી.....

આ સત્રોમાં વિદ્યાર્થીઓને સાયબર જોખમોને ઓળખવા અને તેનાથી બચવા, વ્યક્તિગત માહિતી તથા ડિજિટલ ઓળખનું રક્ષણ કરવા, ડિજિટલ પ્લેટફોર્મનો સુરક્ષિત અને જવાબદાર ઉપયોગ કરવા તેમજ સાયબર ક્રાઇમ અને ઓનલાઈન જોખમો અંગે યોગ્ય પ્રતિસાદ આપવા અંગે વયજૂથને અનુરૂપ વ્યવહારુ માહિતી આપવામાં આવશે.

આથી, આપના જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત તથા સંબંધિત શાળાઓ સુધી ઉપરોક્ત Live Sessions અંગેની માહિતી તાત્કાલિક ધોરણે વ્યાપકપણે પહોંચાડવા તથા વિદ્યાર્થીઓની મહત્તમ સહભાગિતા સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે. તદુપરાંત, શાળાઓને સૂચિત કરવામાં આવે કે તેઓ વિદ્યાર્થીઓને આ Live Sessions દર્શાવવા માટે જરૂરી વ્યવસ્થા કરે અને વિદ્યાર્થીઓને સાયબર સલામતી તથા જવાબદાર ડિજિટલ વર્તન અંગે જાગૃત કરવા આ પહેલમાં સક્રિયપણે સહભાગી બનાવે. આ બાબતને અગ્રતા આપી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

(ડો.એમ.એમ.પટેલ)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/૧૨૬૫૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા.૦૫/૧૨/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.
નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)